# બનાસકાંઠામાં કોરોનાના ૨૫ પોઝિટિવ કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે કોરોનાના ૨૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૦૮૨ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૫૭ પહોંચ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન ગંભીર હદે વધી રહ્યું છે.જ્યાં મંગળવારે કોરોનાના ૨૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૦૮૨ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૫૭ પહોંચ્યો છે. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, પાલનપુર ૦૫, ડીસા ૦૯, ધાનેરા ૦૧, દિયોદર ૦૧, ભાભર ૦૨, સુઈગામ ૦૪ કેસ નોંધાયા હતા. એન્ટીજન ૧૦૬૬ સેમ્પલમાં ૧૮ પોઝિટિવ જ્યારે સરકારી ૧૩ સેમ્પલમાં ૦૭ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. કુલ ૧૦૭૯ સેમ્પલ લેવાયા હતા.

# સાબરકાંઠામાં કોરોના નવા ૧૦ કેસ નોધાયા

હિંમતનગર, તા.૦

સાબરકાંઠા જિલ્લામાં હજુ તો શિયાળાની શરૂઆત થઈ નથી ત્યાં કોરોના પોઝેટીવના કેસમાં દરરોજ નવા ૧૦ કેસ ઉમેરાઈ રહ્યા છે ત્યારે જો જિલ્લા વાસીઓ વધુ સાવચેતી નહી રાખે તો શિયાળામાં આખો સાબરકાંઠા જિલ્લો કોરોનાના ભરડામાં સપડાઈ જાય તો નવાઈ નહી. દરમિયાન મંગળવારે જિલ્લામાં નવા ૧૦ કેસ નોધાતાની સાથે જ કુલ આંક ૯૮૮ પર પહોચી ગયો છે. જોકે જિલ્લામાં અત્યારે એક્ટીવ કેસની સંખ્યા ૮૪ છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લમાં મંગળવારે સાંજે પુરા થતા ૨૪ કલાક દરમિયાન જે નવા ૧૦ કેસ નોધાયા છે તેમાં હિંમતનગર શહેરના ચાર અને ગ્રામ્ય વિસ્તારના ત્રણ કેસનો સમાવેશ થાય છે. જે મુજબ હિંમતનગરની શ્રધ્ધાપાર્ક સોસાયટીમાં ૨૫ વર્ષિય પુરૂષ, શ્રીનગર સોસાયટીમાં ૨૯ વર્ષિય પુરૂષ, મારૂતીનગરમાં ૬૨ વર્ષિય પુરૂષને કોરોના પોઝેટીવના લક્ષણો જણાયા છે.

તેજ પ્રમાણે હિંમતનગર તાલુકાના મુનપુર ગામમાં ૭૩ વર્ષિય પુરૂષ, વાસણા ગામમાં ૩૫ વર્ષિય પુરૂષ, ગઢોડામાં ૯૩ વર્ષિય પુરૂષ અને હિંમતનગર પાસેના સવગઢ ગામમાં રહેતા ૫૨ વર્ષિય પુરૂષ કોરોનામાં સપડાયા છે. તેજ પ્રમાણે ઈડર તાલુકાના ભદ્રેસર ગામમાં ૪૦ વર્ષિય મહિલા, તલોદ તાલુકાના તાજપુર કેમ્પ પાસે ૨૫ વર્ષિય પુરૂષ અને પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામમાં રહેતા ૬૦ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. આમ જિલ્લામાં કોરોના પોઝેટીવનો કુલ આંક ૯૮૮ થઈ ગયો છે.

# ફેક્ચર ગેંગના ચાર ખેપિયાઓને દારૂ સાથે અરવલ્લી એલસીબીએ દબોચ્યા

**પૂછપરછ દરમિયાન પોલીસકર્મી પર ફિલ્મી સ્ટાઇલથી દારૂની બોટલ માથામાં મારી નાસી છૂટવા હવતિયાં, પોલીસકર્મી ઈજાગ્રસ્ત**

અરવલ્લી જીલ્લામાં બુટલેગરોએ પોલીસ પર ખૂની હુમલો કર્યો હોવાની અનેક ઘટનાઓ બની છે ત્યારે અરવલ્લી




એલસીબી પોલીસે મોડાસા-શામળાજી રોડ પર હોટલ નજીકથી દારૂની ખેપ મારતા અને દારૂની ખેપ મારતી કારનું પાયલોટિંગ કરતા ૪ અમદાવાદની કુખ્યાત ફેક્ચર ગેંગના ૪ ગુંડાઓને ઝડપી પાડી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી એલસીબી પોલીસે ૪ શખ્સોની પૂછપરછ હાથ ધરી હતી ત્યારે ફેક્ચર ગેંગના બુટલેગરોએ પોલીસકર્મી પર ટેબલ પર પડેલી દારૂની બોટલ વડે ફિલ્મી સ્ટાઈલથી હુમલો કરી નાસી છૂટવાનો પ્રયત્ન કરતા અન્ય પોલીસકર્મીઓએ આરોપીઓની ચાલ નિષ્ફળ બનાવી હતી. ઈજાગ્રસ્ત પોલીસકર્મીન માથાના અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડયો હતો. પોલીસકર્મી પર હુમલો થતા એસપી, ડીવાયએસપી અને એલસીબી પીઆઈ દોડી આવ્યા હતા અને ચારેય આરોપીઓની સરભરા કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે ગાજણકંપા નજીકથી ક્વાલીસ કારમાંથી ૧.૬૮ લાખનો દારૂ અને ક્વાલીસ કારનું પાયલોટિંગ કરતી સફારી કાર જપ્ત કરી અમદાવાદની ફેક્ચર ગેંગના વસીમ સમીમ પઠાણ, અખિલેશ કમલેશપ્રસાદ દુબે, દિપક શિવલાલ ઓડ, રાકેશ ઉર્ફે મુન્નો છત્રસિંહ ઠાકોરની ધરપકડ કરી હતી. સોનુ ઉર્ફે ધાધરા ફરાર થઈ ગયો હતો. એલસીબી પોલીસે ૫ શખ્સો સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી ૪ આરોપીઓનો કોરોના ટેસ્ટ કરાવવા તજવીજ હાથ ધરી હતી. એલસીબી પોલીસે એલસીબી ઓફિસમાં ૪ નામચીન શખ્સોની પૂછપરછ હાથ ધરી હતી.

સોમવારે રાત્રે એલસીબી પોલીસની ટીમ પૂછપરછ કરી રહી હતી ત્યારે ચારેય બુટલેગરોએ એલસીબી ઓફિસમાં કોમ્પ્યુટર ટેબલ પાસે પડેલી દારૂની બોટલ વડે પોલીસકર્મી કેતન ભાટિયા પર હુમલો કરી દેતા પોલીસકર્મી લોહીલુહાણ બન્યો હતો. ચારેય બુટલેગરો ફિલ્મીઢબે હુમલો કરી ફરાર થવાની પેરવી કરતા પહેલા અન્ય પોલીસકર્મીઓ દોડી આવ્યા હતા અને ચારેય બુટલેગરોને રૂમમાં પુરી દીધા હતા. લોહીલુહાણ થયેલ પોલીસકર્મીને માથાના અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. બુટલેગરોએ એલસીબી ઓફિસમાં જ પોલીસકર્મી પર હુમલો કરી ફરાર થવાની ઘટનાના પગલે જીલ્લા પોલીસવડા, ડીવાયએસપી અને એલસીબી પીઆઈએ ચારે બુટલેગરોની સરભરા કરી હતી.

## ધાનેરામાં વાલ્મિકી સમાજ દ્વારા સફાઈ કામકાજથી દૂર રહી આવેદનપત્ર આપ્યું

હાથરસમાં યુવતી પર દુષ્કર્મ અને તે બાદ તેની હત્યા કરી દેતા સમગ્ર દેશમાં ચકચાર મચી જવા પામી છે અને સમગ્ર ભારત દેશમાં લોકો ફિટકાર વરસાવી રહ્યા છે સાથે સાથે ઠેરઠેર વિરોધ પણ દર્શાવી રહ્યા છે જેને લઈ આજે ધાનેરામાં વાલ્મિકી સમાજ દ્વારા ધાનેરા શહેરમાં સફાઈ કામકાજથી દૂર રહી ધાનેરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું અને આરોપીઓની તાત્કાલિક ધરપકડ થાય, કાયદેસરની કાર્યવાહી કરવા માટેની માંગ પણ કરી છે.

## બાયડ પોલીસે અખાદ્ય ગોળનો જથ્થો ઝડપી પાડયો

બાયડ પોલીસરાત્ર દિવસ પેટ્રોલીંગ કરી રહે છે. ત્યારે ઝાંખરીયા ગામે ભાણેજા ચોકડી ઉપર વેપાર કરતાં ચેતનકુમાર હિરાલાલ કુમાવત અખાધ્ય ગોળનો જથ્થો રાખી ને વેચાણ કરતા હતા. તેમની દુકાનમાં પોલીસે રેઈડ પાડતાં દુકાનની અંદરથી મહુડાના ફુલ અંદાજીત ૩૨૫ કિલો મહુડાના ફુલ ભરેલી થેલી મળી આવી હતી. મહુડાના ફુલ રાખવા પાસ પરમીટ માંગતા પોતાની પાસે ન મળતા દુકાનમાંથી અખાધ્ય ગોળનો જથ્થો પણ મળી આવ્યો હતો. પોલીસને મહુડા કિલોગ્રામ ૩૨૫ કિલો મુદામાલ કિંમત ૮ હજાર ઉપરાંતનો ઝડપી પાડ્યા હતો.

**રાજ્ય સહીત અરવલ્લી જિલ્લામાં સફાઈ કામદારો**

# એક દિવસ સફાઈ કામગીરીથી અળગા રહી વિરોધ નોંધાવ્યો

ઉત્તરપ્રદેશના હાથરસમાં દલીત સમાજની યુવતી પર સામુહિક દુષ્કર્મ અને હત્યાના પડઘા સમગ્ર દેશમાં પડ્યા છે.



દેશમાં ઠેર ઠેર દલીત યુવતી સાથે જઘન્ય ગુન્હો આચરનાર આરોપીઓને ફાંસીના માંચડે લટકાવાની અને પીડિત પરિવારને ન્યાય અપાવવાની માંગ સાથે કેન્ડલ માર્ચ અને આવેદનપત્ર અપાઈ રહ્યા છે ત્યારે રાજ્યભરના વિવિધ સફાઈ કામદાર સંગઠન અને વાલ્મિકી સંગઠનોએ પીડીત પરિવારને ન્યાય મળે તે માટે એક દિવસ સફાઈ કામગીરી બંધ રાખી વિરોધ નોંધવામાં આવ્યો હતો. અરવલ્લી-સાબરકાંઠા સહીત રાજ્યમાં અનેક સફાઈ કર્મીઓ સફાઈ કામગીરી સંપૂર્ણ બંધ રાખી હતી.

ઉત્તરપ્રદેશના હાથરસ ગામમાં દલિત સમાજની દીકરી સાથે દુષ્કર્મ હત્યાના વિરોધમાં અરવલ્લી-સાબરકાંઠા અને સમગ્ર રાજ્યમાં સફાઈ કામદારો સાથે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નોકરમંડળ દ્વારા એક દિવસની પ્રતિકાત્મક હડતાલની જાહેરાત કરાઈ હતી જેના પગલે સફાઈ કામદારોએ મંગળવારે એક દિવસ શહેરભરમાં સફાઈ ન કરીને વિરોધ નોંધાવ્યો હતો. અમદાવાદ શહેર સહીત રાજ્યભરમાં સફાઈ કામગીરી સંપૂર્ણ બંધ રાખી હતી. માલપુરમાં ગ્રામ પંચાયત મકાન આગળ સફાઈ કામદારોએ શ્રદ્ધાંજલી અર્પી ન્યાયની માંગ સાથે મૌન ધરણા પર બેઠ્યાં હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે યુપીના હાથરાસ ખાતે સામુહિક બળાત્કારની ઘટનાના પડઘા દેશભરમાં પડયા છે. જેનો વિરોધ ગુજરાતમાં પણ થઈ રહ્યો છે. નોકર મંડળ હેઠળ આવતા સફાઈ કર્મચારીઓએ આજે બંધ પાળી પોતાનો વિરોધ નોંધાવ્યો છે. સફાઈ કર્મચારીઓ એક દિવસ કામથી દૂર રહ્યા હતા.





# બાયડ તાલુકાના ડેમાઈ ગામે કાચા પાકા ૪૦ ઉપરાંત દબાણો દૂર કરાયા

માર્ગ અને મકાન વિભાગ દ્વારા દબાણો દૂર કરાયા, દબાણો દૂર કરવાની કામગીરી સામે વહેપારીઓ રોષે ભરાયા. એક તરફ કોરોના ની મહામારી ચાલી રહી છે તથા લોકડાઉનને લઈ લોકોના ધંધા રોજગાર ઠપ થઈ ગયા હતા. માંડ માંડ લોકોના ધંધા રોજગાર ચાલુ થયા હતા ત્યારે બાયડ તાલુકાના ડેમાઈ ગામે આજરોજ બપોરના સમયે ટ્રાફિક ની સમસ્યાને લઈ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કાચા પાકા ૪૦ ઉપરાંત દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જેને લઈ વેપારીઓમાં રોષ જોવા મળ્યો હતો.

## ચેઈન સ્નેચરો દ્વારા ધનસુરામાં દોરાની ચીલઝડપ

ધનસુરા, તા. ૫

ગતરોજ સાંજના ૬ વાગ્યાની આસપાસ ધનસુરા વિશ્વકર્મા મંદિર પાસે ધનસુરાની બે ત્રણ સ્ત્રીઓ પોતાનું કામ પૂર્ણ કરી પોતાના ઘર તરફ પરત આવી રહી હતી ત્યારે બે અજાણ્યા બાઈક સવારો યુવતીઓની નજીક જઈ બાઈક ઉપરથી યુવતીના ગળામાં હાથ નાખી સોનાના દોરાની ચીલઝડપ કરી ભાગી ગયા હતા. આ સોનાનો દોરો અંદાજે બે થી ત્રણ તોલાનો હતો જેની કિંમત અંદાજે એક લાખ રૂપિયા જેટલી થતી હતી આની ફરિયાદ ધનસુરા પોલીસ સ્ટેશન કરવામાં આવી હતી. અજાણ્યા બાઈક સવારો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, હજી થોડા દિવસ પહેલા ધનસુરાના સુરપાણેશ્વર મહાદેવ મંદિરમાં એક બુજર્ગના ત્રણ તોલાની કંઠી આજ રીતે ગઠીયા ભોળવીને લઈ ગયા હતા અને આટલા સમયમાં ફરીથી આ બનાવ બનતો ધનસુરા ગામમાં ભયનો માહોલ સર્જાયો હતો. ધનસુરા પોલીસ સઘન પેટ્રોલિંગ કરી આવા તસ્કરોને જલદી નસિયત કરે તેવી પ્રજા માંગ ઉઠવા પામી હતી.



## ભિલોડા એ.બી.વી.પી. દ્વારા કેન્ડલ માર્ચ યોજાઈ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ.બી.વી.પી. દ્વારા કેન્ડલ માર્ચ કરીને યુવાનો ધ્વારા શ્રધ્ધાંજલી અર્પી હતી.ઉત્તરપ્રદેશ રાજ્યના હાથરસમાં બનેલ અમાનીય ઘટના સંદર્ભે ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.રેપ અને હત્યાના બનાવ સંદર્ભે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ.બી.વી.પી. ધ્વારા કેન્ડલ માર્ચ કરીને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી.

# હાથરસની ઘટનાના વિરોધમાં હિંમતનગરમાં કોંગ્રેસના મૌન ધરણા

હિંમતનગર, તા. ૬

ઉત્તરપ્રદેશના હાથરસ ખાતે બનેલી દુષ્કર્મની ઘટનામાં પિડીતાનું મોત નિપજ્યા બાદ સમગ્ર દેશમાં આ હવસખોરો વિરૂધ્ધ ધિક્કારની લાગણી પ્રવર્તી રહી છે ત્યારે ઠેરઠેર ધરણા અને મૌન રાખીને ઘટનાનો વિરોધ કરાઈ રહ્યો છે, ત્યારે સોમવારે હિંમતનગર ખાતે જિલ્લા કોંગ્રેસના કાર્યકરો દ્વારા મોતીપુરા ખાતે આવેલા ગાંધીજીની પ્રતિમા સમક્ષ મૌન ધરણાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ અંગે જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તથા અગ્રણી કમલેશભાઈ પટેલના જણાવાયા મુજબ હાથરસ ખાતે બનેલી ઘટના અંગે થોડા દિવસ અગાઉ કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પિડીતાના પરીવારને મળવા માટે જતા હતા ત્યારે પોલીસતંત્ર દ્વારા તેમને રોકવામાં આવ્યા હતા. ત્યારબાદ શાબ્દિક ટપાટપી પણ થઈ હતી. આખરે પિડીતાના પરીવાર સાથે એકાંતમાં મુલાકાત ગોઠવાઈ હતી. ત્યારબાદ કોંગ્રેસ દ્વારા હાથરસની ઘટનાના વિરોધમાં સમગ્ર દેશમાં મૌન ધરણાના કાર્યક્રમનું એલાન આપવામાં આવ્યું હતું. જે અંતર્ગત સોમાવારે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ ગાંધીજીની પ્રતિમા સમક્ષ બપોરે અગીયાર વાગ્યાના સુમારે જિલ્લા કોંગ્રેસના કાર્યકરોએ ભેગા થઈને મોના ધરણાની શરૂઆત કરી હતી. પરંતુ હિંમતનગર એડીવીઝન પોલીસે આવીને મૌન ધરણા કરી રહેલા કાર્યકરો પૈકી ૧૫ કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી. જોકે પાછળથી તેમને છોડી મુકવામાં આવ્યા હતા. આ પ્રસંગે કાર્યકરો દ્વારા સૂત્રોચ્ચાર અટકાયત કરાયા બાદ કરાયા હતા.

# અરવલ્લીમાં આંગણવાડી ભરતી પ્રક્રિયામાં ઓનલાઈન મેરીટ પ્રમાણે નિમણુંક આપવા ડીડીઓને આવેદનપત્ર

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં આંગણવાડી કાર્યકર અને તેડાઘરનું ભરતી પ્રકરણ ભારે વિવાદ જગાવી રહયું છે.



ઓનલાઈન ભરતી પ્રક્રિયામાં મેરીટ બહાર પાડવામાં આવતા અનેક અરજદારોએ અન્યાય થયો હોવાની બૂમો પાડી ભરતી પ્રક્રિયા અટકાવવામાં આવેની રજુઆત કરતા અરજદારોને શનિવારે તંત્ર દ્વારા બોલાવવામાં આવ્યા હતા જેથી ઓનલાઈન મેરીટ ક્રમમાં અગ્રસ્થાને રહેલા ઉમેદવારોમાં રોષ ફાટી નીકળ્યો છે અને જીલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયાને આવેદનપત્ર આપી કોઈપણ પ્રકારના દબાવમાં આવ્યા વગર ઓનલાઈન મેરીટ પ્રમાણે પ્રથમ ક્રમે આવેલ ઉમેદવારોને નિમણુંક પત્ર આપવા રજુઆત કરી હતી. હાલ રદ કરાયેલ ઉમેદવારોની અરજીઓ અંગે ઓફલાઈન કામગીરી હાથ ધરવામાં આવી છે તેમાં ગેરરીતિ થવાની શંકા વ્યક્ત કરી હતી.

અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનીલ ધામેલીયાના જણાવ્યા અનુસાર આંગણવાડીની સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શક રીતે અને સરકારના ધારા-ધોરણ મુજબ કરવામાં આવી રહી છે અને હાલ મુકવામાં આવેલ ઓનલાઈન મેરીટ લીસ્ટ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ છે.

મોડાસા તાલુકામાં આંગણવાડી કાર્યકર અને તેડાગર ઓનલાઈન ભરતી પ્રક્રિયામાં પ્રથમક્રમ ધરાવતા ઉમેદવારોએ જીલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે ઓનલાઈન ભરતી પ્રક્રિયા બાદ રદ થયેલ ઉમેદવારોની અરજી લઈ ઓનલાઈન પ્રક્રિયાને બાધિત કરવાની સાથે ગેરરીતિ થવાનો અને રદ થયેલ અરજદારોને કેટલાક રાજકીય અગ્રણીઓનું પીઠબળ હોવાથી તેમના દબાણ હેઠળ નિયમ વિરુદ્ધ રિજેક્ટ થયેલ ઉમેદવારો પાસેથી લેવામાં આવી છે તેમાં પારદર્શીતતા નહિ જળવાય અને યોગ્ય ઉમેદવારોને અન્યાય થશે તેમજ ઓનલાઈન ભરતી અંગે મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત સરકાર દ્વારા જે સૂચન આપેલ છે તેનું અક્ષરશઃ પાલન કરવું જરૂરી છે, ભરતી અંગે સામાન્ય સૂચનો પૈકી સૂચન.નં-૧૮માં સ્પષ્ટ જણાવેલ છે કે અરજી ફોર્મમાં ભરેલ માહિતી અને અપલોડ કરેલ દસ્તાવેજો વિગતો અલગ હશે તો અરજદારની ઉમેદવારી રદ ગણાશે ત્યારે ઓનલાઈન ભરતી પ્રક્રિયામાં પ્રથમક્રમ ધરાવતા ઉમેદવારોને નિમણુંક પત્ર આપવામાં આવેની માંગ કરી હતી.

## નેશનલ હેલ્થ મિશન કર્મચારી મંડળ દ્વારા આવેદનપત્ર અપાયુ

**કરાર આધારીત તમામ કર્મચારીઓને સરકારી લાભ આપવા માંગ**

હિંમતનગર, તા.૬

કેન્દ્ર પુરસ્કૃત નેશનલ હેલ્થમિશન યોજના અંતર્ગત આરોગ્ય વિભાગના નેજા હેઠળ અનેક કર્મચારીઓ કરાર આધારીત ફરજ બજાવે છે. પરંતુ તેમને કાયમી કર્મચારી ન ગણીને તેમની પાસેથી વધુ કામ લઈને પુરતુ વેતન અપાતુ નથી જેથી સોમવારે નેશનલ હેલ્થ મિશન કર્મચારી મંડળ દ્વારા તેમની વિવિધ માંગોના પ્રશ્ન જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું. આ આવેદન પત્રમાં જણાવાયા મુજબ નેશનલ હેલ્થમિશનમાં કરાર આધારીત તમામ વર્ગના કર્મચારીઓ અને કેડરના કર્મચારીઓને પુરતો પગાર આપવામાં આવતો નથી જેથી તે માટે ગત તા. ૨૦-૬-૨૦૨૦ અને તા.૨૧-૭-૨૦૨૦ના રોજ રજુઆત પણ કરવામાં આવી હતી. તેમ છતા અધિકારીઓ દ્વારા કરાર આધારીત કર્મચારીઓની માંગ પ્રત્યે હકારાત્મક કાર્યવાહી ન થતા સોમવારે ફરીથી આવેદન પત્ર અપાયું હતું. જેમાં જણાવાયા મુજબ કર્મચારીઓને તેમની માંગણીઓ પ્રશ્ન યોગ્ય ન્યાય નહી મળતા સોમવારે અને મંગળવારે કાળીપટ્ટી ધારણ કરી કામગીરી કરશે ત્યારબાદ તા.૭ અને ૮ ઓક્ટોમ્બરના દિવસે પેનડાઉનનો કાર્યક્રમ આપશે તેમ છતા યોગ્ય કાર્યવાહી નહી થાય તો તા.૯ ઓક્ટોમ્બરના રોજ તમામ કર્મચારીઓ માસ સીએલ પર જશે. અને ત્યારબાદ તા.૧૨ સપ્ટેમ્બરથી અચોક્કસ મુદતની હડતાલનું એલાન કરવામાં આવ્યું છે.

### સાબરકાંઠામાં ૪૯૪ કર્મચારીઓ છે

નેશનલ હેલ્થ મીશન યોજનામાં જે કરાર આધારીત કર્મચારીઓ આરોગ્ય વિષયક કામગીરી કરે છે તે પૈકીના મોટાભાગના કર્મચારીઓની કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ-૨૦૦૬થી ૨૦૦૮ દરમિયાન ભરતી કરવામાં આવી હતી. અત્યારે ૧૪ વર્ષ પછી પણ તેમનો પગાર કામની સરખામણીમાં ખુબજ ઓછો મળે છે. તો બીજી તરફ ઉંમર થઈ ગઈ હોવાને કારણે કેટલાક કર્મચારીઓ અન્ય જગ્યાએ નોકરી કરી શકે તેમ નથી તેમાં ઉંમરનો બાધ નડે છે.

# શામળાજી પોલીસ સ્ટેશનના વહીવટદાર તરીકે ઓળખાતા બે કોન્સ્ટબલની હેડક્વાટર ખાતે બદલી કરી દેતા ખળભળાટ

અમદાવાદ-ઉદેપુર ને.હા. નં-૮ બુટલેગરોના સીલ્કરૂટ તરીકે જાણીતો છે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ રતનપુર ચેકપોસ્ટ પરથી વિવિધ વાહનો




મારફતે રાજ્યમાં ઠલવાઈ રહ્યો છે, જીલ્લા એસપી સંજય ખરાતના આગમન પછી દારૂબંધીની અમલવારી માટે શખ્ત કાર્યવાહીના આદેશ આપવામાં આવતા બુટલેગરો સહીત બુટલેગરો સાથે ભાઈબંધી ધરાવતા અધિકારીઓ અને કર્મચારીમાં ફફડાટ ફેલાયો છે. અગાઉ શામળાજી પોલીસે સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ બુટલેગરો સાથે ભાઈબંધી નિભાવવામાં સસ્પેન્ડ થવાનો વારો આવ્યો છે, ત્યારે શામળાજી પોલીસમથકમાં ફરજ બજાવતા શક્તિસિંહ નાથુસિંહ અને ભરતસિંહ માનસિંહ નામના બે કોન્સ્ટેબલની જીલ્લા પોલીસવડાએ જાહેરહિતમાં હેડક્વાટર ખાતે બદલી કરી દેતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે.

શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને વહીવટદાર તરીકે જાણીતા બનેલ શક્તિસિંહ નાથુસિંહ અને ભરતસિંહ માનસિંહ નામના પોલીસ કોન્સ્ટેબલ બુટલેગરો અને અસામાજિક પ્રવર્તીઓ સાથે સંકળાયેલ લોકો સાથે ભાઈબંધી રાખતા હોવાની બૂમો ઉઠી હતી. આ અંગેની જાણ જીલ્લા પોલીસવડા સંજય ખરાતના કાને પહોંચતા બંને કોન્સ્ટેબલની તાત્કાલિક જાહેરહીતમાં પોલીસ હેડક્વાટર ખાતે કરવામાં આવી હોવાની માહતી પ્રાપ્ત થઈ છે. અરવલ્લી જીલ્લામાં દરેક પોલીસ મથકે અલગ અલગ વહીવટદારો બની બેઠા છે ત્યારે જીલ્લા પોલીસવડાની કામગીરીથી વહીવટદારોમાં ફફડાટ ફેલાયો છે.